# સે-૩/બીમાં પાચમાં નોરતે પ્રાચીન અર્વાચીન ગરબાની રમઝટ જામી

ગાંધીનગર, તા.૨૬

રમજો રમજો રે ગોરણીયું તમે રમજો માજમ રાત..તારા વિના શ્યામ એકલડુ લાગે..રાસે રમવાને વેલો આવજે.. શહેરમાં નવલી નવરાતનો રંગ ધીમે ધીમે જામી રહ્યો છે.ત્યારે શહેરમાં પાર્ટી પ્લોટથી માંડીને શેરી ગરબામાં યુવાધન ગરબે ઘુમી રહ્યું છે. જેમ જેમ દિવસો વિતી જાય છે તેમતેમ ખૈલેયાઓના ઉત્સાહમાં વધારો થતો જાય છે. ત્યારે શહેરના સેકટર-૩બી ખાતે શેરી ગરબાએ પણ અનેરુ આકર્ષણ જમાવ્યું છે. સે-૩ બી માં પરંપરાગત વસ્ત્રોમાં સજજ નાના ભુલકાથી માંડીને તમામ વયના નાગરીકો ભકિતમય વાતાવરણ વચ્ચે ગરબે ઘુમી માતાજીના શકિત અને ભકિતના પર્વની ઉજવણી કરી રહ્યા છે.

સે-૩ બી નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા પ્રતિવર્ષની જેમ ગરબા મહોત્સવનું સુંદર આયોજન કરાયું છે. પાચમા નોરતે રમઝટ ગ્રુપ દ્વારા રાસ-ગરબાની રંગત જમાવી હતી. માતાજીના ચાચર ચોકમાં નાના ભુલકાથી લઈને સૌ કોઈ ગરબે ઘુમતા નજરે પડયા હતા. મોકળાશ ભર્યું ગ્રાઉન્ડ અને અધ્યતન સાઉન્ડ સિસ્ટમના સથવારે ગરબા પ્રેમીઓ ઝુમી ઉઠ્યા હતા. જયારે માતાજીના ચોકને સુંદર રોશનીથી ઝગમગતું કરી દેવાયું છે. શહેરમાં ઠેરઠેર યોજાતા શેરી ગરબામાં આજે પણ સેકટર-૩ બી ના ગરબાનું સ્થાન આજે પણ અકબંધ રહેવા પામ્યું છે.જયારે સ્થાનિક યુવાનો દ્વારા પાવાગઢની પ્રતિકૃતિ સમાન સુંદર તૈયાર કરવામાં આવ્યો છે જે નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ગબ્બર તૈયાર કરવા માટે બાળકો તેમજ યુવાનોને દસ દિવસ જેટલો સમય લાગ્યો હતો. ગરબા મહોત્સવમાં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. ગરબા ગ્રાઉન્ડ કે તેની આસપાસના વિસ્તારમાં કોઈ ગંદકી ના કરે તેની ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.ત્યારે નવલી નોરતાની રાતો જામતી જાય છે તેમ તેમ ગરબા પ્રેમીઓનો ઉત્સાહ વધતો જાય છે અને વિવિધ પ્રાચીન અને અર્વાચીન ગરબા તેમજ સંગીતના સથવારે અને ઢોલના ઢબુકે નાગરીકો ગરબામાં મગ્ન થઈ જાય છે.



## સે-૩/બી ખાતે રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરાશે

નવરાત્રી મહોત્સવ સમિતિ સે-૩ બી દ્વારા રજત જયંતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આગામી તા.૩૦ સપ્ટેમ્બરથી તા.૨ ઓક્ટોબર દરમિયાન વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૩૦ સપ્ટેમ્બરને શનિવારના રોજ બપોરે ૨ કલાકે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો તેમજ રાત્રે ૮.૩૦ કલાકે ખ્યાતનામ કલાકાર વિક્રમ લાબડીયાના કંઠે લોક ડાયરો યોજાશે, જયારે મા-બાપને ભુલસો નહી કાર્યક્રમ અશ્વિનભાઈ ભાઈશંકરભાઈ જોષીના સ્વરે રાત્રે ૮.૩૦ કલાકે રજુ થશે. નવચંડી યજ્ઞ તા.૨ ઓક્ટોબરને સોમવારના રોજ સવારે ૯ કલાકે તેમજ સાંજે ૪.૧૫ કલાકે શ્રી ફળ હોમાશે. જયારે દરેક ભકતો માટે સાંજે ૫.૩૦ કલાકે પ્રસાદનું આયોજન કરાયું છે. તો નગરના સર્વે ભકતોને યજ્ઞ દર્શન અને વિવિધ કાર્યક્રમનો લાભ લેવા નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા હાર્દિક ભાવભર્યુ આમંત્રણ છે.

# પાટનગરની મેડિકલ કોલેજમાં પ્રમોશનની રાહ જોતા કર્મચારી રાહ જ જોતો રહ્યો

ગાંધીનગર મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા એક કર્મચારીને ઓફિસ એડમીનીસ્ટ્રેટર તરીકે સિનિયોરીટીમાં પ્રમોશન આપવાનું નક્કી કરી દેવાયુ હતુ. આ જ કર્મચારીના નામનો ઓર્ડર પણ બનાવી દેવામાં આવ્યો હતો. જયારે ઉચ્ચ વિભાગમાંથી થયેલા દબાણને પગલે અમદાવાદથી એક નિવૃત્ત કર્મચારીને અચાનક એડમીનીસ્ટેટર તરીકેની સીટ પર બેસાડી દેવામાં આવતા કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે.

ગાંધીનગર સિવિલના અંતરંગ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પ્રમોશન માટે મેડીકલ કોલેજના એક જ વ્યક્તિનું નામ ચર્ચાતુ હતુ તેની તમામ તૈયારીઓ કોલેજ સત્તાધીશો દ્વારા પૂર્ણ કરી દેવાઈ હતી પરંતુ ઉચ્ચ વિભાગથી અચાનક દબાણ આવતાં જે કર્મચારીનું નામ ચર્ચાતુ હતુ તેના સ્થાને અચાનક નવુ નામ આવી ગયુ છે. આ નામને પગલે કોલેજતંત્રમાં ચારેકોર ચર્ચા જગાવી છે. જ્યારે વર્ષોથી પ્રમોશનની કાગડોળે રાહ જોઈ રહેલા કર્મચારી સાથે આ પ્રકારની ટ્રેજડી સર્જાઈ હતી.

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળી શેરધારકોને ૩૦૦નું વળતર આપશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડની ૪૨મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં આંબેડકર હોલ સેકટર-૧૨ ખાતે યોજાઈ હતી. આ સાધારણ સભામાં સભાસદો મોટીસંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા. મંડળી તરફથી આ સભામાં તેના ૧૫૦૦૦ સભાસદોને રૂ.૨૦૦ ની કિંમતના શેર ઉપર રૂ.૩૦૦ નું વળતર ચુકવવાની જાહેરાત મંડળીના ચેરમેન દિલિપસિંહ ચૌહાણ અને ડીરેકટર રાજેશ પંચોલી દ્વારા કરવામાં આવી હતી. આ વળતરની જાહેરાતને તમામ સભાસદોએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. ઉપરાતં આ રૂ.૩૦૦ વળતરની રકમ શેર ફાળા ખાતે જમા લઈને મંડળીના દરેક સભાસદને રૂ.૫૦૦ નો શેર કરી આપવાનો ઐતિહાસીક નિર્ણય કરવામાં આવ્યો છે.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી એ શહેરની સૌથી જુની અને જાણીતી સહકારી મંડળી છે. શહેરમાં જયારે દુધ વિતરણની કોઈ વ્યવસ્થા નહોતી ત્યારથી આ મંડળી દ્વારા દૂધ વિતરણની વ્યવસ્થા સંભાળવામાં આવી છે.શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના થઈને કુલ ૯૦ જેટલા દૂધ કેન્દ્રો પર રોજનું ૭૨૦૦૦ હજારથી વધુ દૂધ પહોંચાડવાનું ભગીરથ કાર્ય આ મંડળી દ્વારા કરવામાં આવે છે. મંડળી દ્વારા સવારે ૧૦ તેમજ સાંજે ૪ ગાડી મારફતે દૂધ વિતરણ વ્યવસ્થા કરવામાં આવે છે. આ મંડળીના ૧૫૦૦૦ હજાર સભાસદો છે. તેમજ મંડળી દ્વારા અનેક લોકોને રોજગારી પુરી પાડવામાં આવી રહી છે. અત્યારે હાલ મંડળી ચેરમેન દિલિપસિંહ અને ડિરેકટર દિલિપભાઈ પંચોલીના માર્ગદર્શન અને કુશળ વહીવટથી મંડળી સુપેરે કામ કરી રહી છે. ત્યારે મંડળીની તાજેતરમાં ૪૨મી વાર્ષિક સભા યોજાઈ હતી. જેમાં મંડળીના વિકાસ અને પ્રગતિ માટે વ્યવસ્થાપક સમિતિ તરફથી કરવામાં આવેલ કાર્યવાહી અને વહીવટી સુઝ તથા પારદર્શક વહીવટ માટે સભાસદોએ સંપૂર્ણ સંતોષ વ્યકત કર્યો હતો.મંડળીના સભાસદોને ૧૫ ટકા ડિવીડન્ડ અને ભેટ આપવાની દરખાસ્ત પ્રદિપસિંહ બિહોલા તરફથી કરાઈ હતી. જેને ચેરમેન દિલિપસિંહ ચૌહાણે સ્વીકારીને સભાસદોને ચાલુ વર્ષના નફામાંથી ભેટ મળી રહે તે માટેનું આયોજન હાથ ધરવામાં આવશે. મંડળીની બેઠકમાં તમામ સભાસદોએ ભાગ લીધો તે બદલ ડિરેકટર ચંદ્રસિંહ વાઘેલાએ સભાસદોનો આભાર વ્યકત કર્યો હતો. મંડળની સાધારણ સભાના અંતે સૌ સભાસદો ભોજન લઈને ઉત્સાહભેર છુટા પડ્યા હતા.




# રૂપાલ ખાતે દોઢ કરોડના ખર્ચે નવનિર્મિત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન ભવનનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૨૬

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ જણાવ્યું છે કે, ગુજરાતના યુવાનોમાં ઉધોગ સાહસિકતા વિકસે અને ધંધા રોજગાર દ્વારા સ્વરોજગારી ક્ષેત્રે વધુ ફળદાયી પરિણામો મળે તેવા કાર્યક્રમોને રાજય સરકારે પ્રાધાન્ય આપ્યું છે. ગ્રામીણ વિસ્તારના યુવક-યુવતીઓ સ્વરોજગારની તાલીમ મેળવી સ્વતંત્ર વ્યવસાય દ્વારા પગભર બને તે માટે બેંક ઓફ બરોડાની વડોદરા સ્વરોજગાર વિકાસ સંસ્થાન, ગાંધીનગર સુંદર કાર્ય કરી રહી છે.




ગાંધીનગર જિલ્લાના રૂપાલ ખાતે રૂ. દોઢ કરોડના ખર્ચે નવનિર્મિત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન ભવનનું ઉદ્‌ઘાટન કર્યાબાદ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ૨૫ લાભાર્થીઓ સ્વરોજગાર માટે લોન-સહાય ચેકનુ વિતરણ કર્યા બાદ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સખી મંડળોની રચના કરીને ગ્રામીણ મહિલાઓ ઘર આંગણે રોજગારી મેળવે તેની શરૂઆત કરી હતી. તેના ફળદાયી પરિણામો પ્રાપ્ત થયાં છે. ગુજરાતની લાખો મહિલાઓ કૃષિ-પશુપાલનની સાથેસાથ વિવિધ ધંધા-રોજગારની તાલીમ મેળવીને ઘર આંગણે રોજગારી મેળવીને વધુ સક્ષમ બની છે.

# વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા રાંદલ માતાનો હવન યોજાશે

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા નવરાત્રી નિમિત્તે રાંદલ માતાનો હવન તા. ૩૦-૯-૨૦૧૭ શનિવારના રોજ સવારના ૯ કલાકથી ૧૨ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. રાંદલ માતાના આ હવનમાં બેસી પૂજા અર્ચના અને આરતીનો લાભ લેવા ઈચ્છતા સભ્યોએ સંસ્થાના કાર્યાલયનો સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ બિપિન સી. ગજજરે અનુરોધ કર્યો છે.

**જાહેર નિવિદા**

સાબરકાંઠા જિલ્લા પંચાયત આર.સી.એચ - એન.એચ.એમ. પ્રોગ્રામ હેઠળ આશા કીટની આઈટમ નં.૧ થી ૨ કુલ અંદાજીત રૂ. ૨,૧૩,૦૦૦/-ની મર્યાદામાં ખરીદ કરવાની થતી હોઈ રસ ધરાવતા વેપારીઓએ ટેન્ડર ફોર્મ આ કચેરીએથી ટેન્ડર ફી રૂ. ૫૦૦/- ડીસ્ટ્રીક્ટ હેલ્થ સોસાયટી નોન એન.એચ.એમ. સાબરકાંઠાના નામનો ડ્રાફટ રજૂ કરી આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા સીલબંધ કવરમાં 'આશા કીટ ભાવપત્રક' એમ કવર ઉપર સ્પષ્ટપણે લખી નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં મોકલી આપવાના રહેશે. ભાવ મંજૂર કરવા કે ન કરવા તે અંગેના તમામ અધિકાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠાના રહેશે.

સ્થળ : હિંમતનગર
તા. /૯/૨૦૧૭

સહી/-
સભ્ય સચિવ
જિલ્લા આરોગ્ય સોસાયટી અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગર

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૩૮૮/૨૦૧૭-૧૮

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં સિંચાઈ અને તળાવો ભરવા માટેની પાઈપલાઈન યોજનાઓનો શિલાન્યાસ અને લોકાર્પણ સમારોહ**



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત




ઉદ્‌ઘાટક
**શ્રી એમ.વેંકૈયા નાયડુ**
ઉપરાષ્ટ્રપતિ, ભારત

સમારંભના અધ્યક્ષ
**શ્રી ઓ.પી.કોહલી**
રાજ્યપાલ, ગુજરાત

**પાઈપલાઈન યોજનાઓની વિગતો**

| ક્રમ | પાઈપલાઈનનું નામ | લાભિત ગામો અને વિસ્તાર | લોકાર્પણ/ શિલાન્યાસ |
|---|---|---|---|
| ૧. | પીયજ થી ઉણાદ | ૬૨ ગામો અને ૧૪૭૦૦ એકર વિસ્તાર | શિલાન્યાસ |
| ૨. | ધાંધુસણ થી રેડલક્ષ્મીપુરા | ૩૦ ગામો અને ૫૦૦૦ એકર વિસ્તાર | શિલાન્યાસ |
| ૩. | ભાસરીયા થી સામેત્રા | ૪૭ ગામો અને ૧૦૩૮૦ એકર વિસ્તાર | શિલાન્યાસ |
| ૪. | કુડા થી ભીમપુર | ૨૦ ગામો અને ૭૪૧૦ એકર વિસ્તાર | શિલાન્યાસ |
| ૫. | ખેરવા થી વિસનગર | ૧૫ ગામો અને ૭૪૦૦ એકર વિસ્તાર | શિલાન્યાસ |
| ૬. | કરણનગર થી ધાંધુસણ | ૨૧ ગામો અને ૧૦૭૫૦ એકર વિસ્તાર | લોકાર્પણ |

વિશેષ ઉપસ્થિતિ
**શ્રી ભરતસિંહજી ડાભી**
સંસદીય સચિવ

**શ્રી નીતિનભાઈ પટેલ**
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ
**શ્રીમતી આનંદીબેન પટેલ**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

**શ્રીમતી જયશ્રીબેન પટેલ** સંસદસભ્ય
**શ્રી નારાયણભાઈ પટેલ** ધારાસભ્ય
**શ્રી રજનીકાંત પટેલ** ધારાસભ્ય
**શ્રી ઋષિકેશભાઈ પટેલ** ધારાસભ્ય
**શ્રી દિલીપકુમાર ઠાકોર** મંત્રી, શ્રમ અને રોજગાર
**શ્રી નાનુભાઈ વાનાણી** જળસંપત્તિ રાજ્યમંત્રી

**તા.૨૭-૯-૨૦૧૭, બુધવાર, સમય : બપોરે ૨.૦૦ કલાકે, સ્થળ : મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મહેસાણા**